# ગઝલ-ગુર્જરી
## -ગૌરાંગ ઠાકર

(૧)

ચાલને માણસમાં થોડું  વ્હાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.

બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ
એ રીતે ઘરડાં-ઘરો ખાલી કરાવી જોઈએ.

કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવાં,
વ્હાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.

કાખઘોડી લઈ અહીં ચાલે નહીં સંબંધ દોસ્ત,
એકબીજાનાં ખભે એને ચલાવી જોઈએ.

બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પ્હેલાં હરાવી જોઈએ.

(૨)

અજવાશ ઘરમાં આવશે, બારી ઉઘાડ દોસ્ત,
અંધાર ઓગળી જશે, બારી ઉઘાડ દોસ્ત.

આપી જશે હવા તને ખુદની વીશાળતા
ફુલોની મ્હેક આપશે, બારી ઉઘાડ દોસ્ત.

તારામાં શોધશે પછી વૃક્ષો વસંતને,
બસ શર્ત એટલી હશે, બારી ઉઘાડ દોસ્ત.

વરસાદ, મેઘધનુષ ને વાદળ, હવા, સુરજ,
બોલાવતાં તને કશે, બારી ઉઘાડ દોસ્ત.

કેડીથી ધોરી માર્ગની, તું થઈ જશે સડક,
માણસનો રાહબર થશે, બારી ઉઘાડ દોસ્ત.

(૩)

હું સાંકડી ગલીમાં, રસ્તો કરી જવાનો,
માણસ સુધી જવાનો, આગળ નથી જવાનો

પાષાણ સમ હ્રદયમાં, પોલાણ શક્ય છે દોસ્ત,
તું ઓગળી પ્રથમ જા, એ પીગળી જવાનો.

એવી ખબર છે આવી, તું નીકળી નદી થઈ,
દરીયાની એટલે હું, ખારાશ પી જવાનો.

તારા ઉપરની મારી, દીવાનગી ગમે છે,
મારા સીવાય કોને, હું છેતરી જવાનો ?

હું છું જ કૈંક એવો, તું છોડ આ પ્રયત્નો,
તું ભુલવા મથે ને, હું સાંભરી જવાનો.

હોવાપણું ઓ ઈશ્વર, તારું વીવાદમાં છે,
મારી તરફ હું તેથી, પાછો વળી જવાનો.

(૪)

ઝાડ પહેલાં મુળથી છેદાય છે,
એ પછીથી બારણું થઈ જાય છે.

આ ગગનચુંબી ઘરો સર્જાય છે,
આભ તો પંખીનું ઓછું થાય છે !

એમને તું કેમ છત્રી મોકલે ?
જે અહીંયા જાણીને ભીંજાય છે.

સ્વપ્ન જેવું હોય શું એ બાળને?
ડાળે જેનું ઘોડીયું બંધાય છે.

કોઈને પથ્થર-હ્રદય કહેશો નહીં,
આંસુ પથ્થરનાં ઝરણ કહેવાય છે.

એકલા આવ્યા, જવાના એકલા
પણ અહીં કયાં એકલા જીવાય છે ?

(૫)
જીંદગીભર એ ઉખાણું હોય છે,
કેવી રીતે જીવવાનું હોય છે ?

જે રીતે અહીંયાં જીવાયું હોય છે,
કાવ્ય એનું ક્યાં લખાયું હોય છે ?

તારા આ ઉચ્છ્વાસને સંભાળજે,
ઝાડનો એ પ્રાણવાયુ હોય છે !

હું ટપાલી છું તમારી મ્હેકનો,
બસ તમારે ખીલવાનું હોય છે.

તું કલમના હાથથી શોધી શકે,
આડે હાથે જે મુકાયું હોય છે.

ઝાંઝવે જાતાં હરણને રોકમાં,
એ જ એનું પાણીયારું હોય છે !

(૬)
જે ઘડી બે હાથથી ખોબો થયો,
ત્યારથી આ જીવનો સોદો થયો.

ત્યાં હવાની હેસીયત બીલકુલ નથી,
જળમાં ગઈ તો માત્ર પરપોટો થયો.

મોભ થઈ માથે સતત રહેતો હતો,
એ જ માણસ ભીંત પર ફોટો થયો.

બાગ પરણાવે પવનથી મ્હેકને,
જાણે કન્યાદાનનો મોકો થયો.

કોઈને નાનો ગણે તો માનજે,
એટલો તારો અહમ્ મોટો થયો !

(૭)

મારી દીવાનગીને તમે છેતરો નહીં,
વરસાદ મોકલી હવે છત્રી ધરો નહીં.

કોરું કપાળ લઈ પુછે વીધવા થયેલી સાંજ,
અવસાન સુર્યનું ને કશે ખરખરો નહીં ?

એવું બને કે હું પછી  ઉંચે ઉડયા કરું,
પાંખોમાં મારી એટલા પીંછાં ભરો નહીં.

ક્યારેક ભયજનક વહે, અહીંયા તરસનાં પુર,
મૃગજળ કીનારે વ્હાણ તમે લાંગરો નહીં.

હું  મ્હેક, પર્ણ, છાંયડો, માળો દઈ શકું,
પણ આપ મુળથી મને અળગો કરો નહીં.

(૮)

તમે બધાંથી અલગ છો તેથી, તમારું નોખું હું ધ્યાન રાખું,
ગુલાબ લઈને તમે મળો તો, હું મ્હેકની લ્યો દુકાન રાખું.

ગયું ક્યાં પંખી મુકીને ટહુકો, હજી તો ડાળી ઝુલી રહી છે,
મને થયું કે આ પાનખરમાં, બને તો થોડાં હું પાન રાખું.

કશુંક આજે કરી જવું છે, કદાચ કાલે જવાનું થાશે,
તમારાં ઘરનાં દીવાને માટે, હવાને આજે હું  બાન રાખું.

તમે અહીંયાં સુરજ સમા છો, જશો ના આઘા, ઠરી જઈશ હું,
મને આ જળથી વરાળ કરજો, હું જેથી બાજુમાં સ્થાન રાખું.

પ્રસંગ મારી દીવાનગીનો, હું રોજ ઉજવું છું  ધામધુમથી,
દરેક દર્દોને આવકારી, ગઝલમાં પીડાનું ગાન રાખું.

હું  કેંક જન્મોથી છું સફરમાં, અહીં હું કેવળ પડાવ પર છું,
મેં ખોળીયાને કહી દીધું છે, હું તારું ભાડે મકાન રાખું.

(૯)

મને માણસાઈથી મ્હેકવા, લ્યો સરળ ઉપાય મળી ગયો,
હું પવનને પુછી લઉં જરા, તું સુગંધ કઈ રીતે થઈ ગયો.

તને હાથપગની છે ડાળીઓ, તને લાગણીનાં છે પાંદડાં,
તું પડાવ કોઈનો થઈ શકે, મને છાંયડો એ કહી ગયો.

નથી મંદીરોની તું પ્રાર્થના, નથી મસ્જીદોની નમાજ તું,
કદી માવડીનાં તું આંસુમાં, કદી સ્મીત બાળનું થઈ ગયો.

આ હવાનાં હાથમાં શું હતું, મને કોઈ ડાળ કહે નહીં,
એ લજામણીને અડી રહી, હું તો દુરદુર રહી ગયો.

તું સમયની જીત ને હાર છે, અહીં રાત એની સવાર છે,
અહીં શર્ત ખેલની એ જ છે, જે રમી ગયો તે જીતી ગયો.

અહીં મનનાં દ્વારે ઉભા રહી, મેં તપાસી લીધા વીચારને,
પછી ભીતરી આ સફર મહીં, મને તાલબદ્ધ હું લઈ ગયો.

(૧૦)

પ્રત્યેક પીડાનું વર્ણન કરાય, એવું નથી,
પ્રભુ ! તને બધું સમજાઈ જાય, એવું નથી.

પવન તો બાગથી ખુશ્બુ લઈને જઈ રહ્યો છે,
અને આ ફુલથી પાછળ જવાય, એવું નથી.

તમે આ આંસુ વગરનાં નયન લઈ ક્યાં જશો ?
બધાંથી ડુમાનો અનુવાદ થાય, એવું નથી.

તમે તો આંખથી હૈયે જઈ વસી ગયાં છો,
હવે બીજે કશે તમને રખાય એવું નથી.

જુઓને હાથમાં અજવાળું કેવું ઝળહળે છે ?
કલમથી એટલે છેડો ફડાય એવું નથી.

-ગૌરાંગ ઠાકર

બી-૧૦૩, 'શુકન' એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે, અડાજણ, સુરત-395 009
ફોન : ઘરે (0261) 273 5534, મોબાઈલ : 98257 99847
ઈ-મેઈલ : gaurang_charu@yahoo.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 148 – –April 6, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in



કવી પરીચય

સને ૧૯૬૫માં ભરુચમાં જન્મેલા **શ્રી ગૌરાંગ ઠાકર** સીવીલ ઈજનેર થઈ છેલ્લાં ૨૦ વર્ષથી ભારતીય જીવન વીમા નીગમ લી. મુગલીસરા શાખા-સુરતના એન્જી. ડીપાર્ટમેન્ટમાં આસી. એન્જી. તરીકે કાર્યરત છે. ગુજરાતી ભાષાનાં શીક્ષકો એવાં માતા-પીતા તરફથી તેમને મળેલ ભાષા-સાહીત્યના વારસાને તેમણે તેમની ગઝલોમાં પ્રતીબીંબીત કર્યો છે, બખુબી જાળવી ઉજાળ્યો છે.

સુરતના સાંપ્રત ગઝલકારોમાં આગળ પડતું નામ ધરાવતા ગૌરાંગભાઈએ તેમની ગઝલોમાં ઝીણી કલમે  નાજુક-નાજુક નકશીકામ કર્યું છે. ગુજરાતી સાહીત્ય અકાદમીની સહાયથી પ્રકાશીત તેમના પ્રથમ ગઝલ સંગ્રહ 'મારા હીસ્સાનો સુરજ' દ્વારા તેમની નીષ્ઠા અને મૌલીક  અભીવ્યક્તી માટેની મથામણ, તેમનામાં ગજાદાર ગઝલકાર હોવાની પ્રતીતી કરાવે છે. છંદો પરની પકડ અને વીચારોનું ઉંડાણ ધરાવતા, સ્વભાવે નમ્ર ગૌરાંગભાઈએ વીવીધ સંસ્થાઓ દ્વારા આયોજીત ગઝલ સ્પર્ધામાં અનેક ઈનામો જીત્યાં છે. **'કૉફી મેટ્સ'**, મુંબઈની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી **પ્રથમ વીજેતા**(વર્ષઃ ૨૦૦૪), તેમના ગઝલ સંગ્રહને સુરતની જાણીતી પ્રકાશન સંસ્થા **'સાહીત્ય સંગમ'** દ્વારા શ્રેષ્ઠ ગઝલ સંગ્રહનું **સ્વ. મનહરલાલ ચોકસી પારીતોષીક**(વર્ષઃ ૨૦૦૬) તથા સુરતની કલા સંસ્થા **'રાષ્ટ્રીય કલા કેન્દ્ર'**  દ્વારા **યુવા સાહીત્યકાર પારીતોષીક**(વર્ષઃ ૨૦૦૭) શીરમોર ગણાવી શકાય. કથાકાર  **પુ. મોરારીબાપુ** દ્વારા આયોજીત અસ્મીતા પર્વ-૨૦૦૭માં આમંત્રીત આ કવીએ તેમની ગઝલો દ્વારા બાપુને રસતરબોળ કરી દીધા હતા.

ગઝલ સર્જન ઉપરાંત દર રવીવારે સાહીત્ય સંગમ દ્વારા યોજાતા **'સર્જકો સાથે સંવાદ'** કાર્યક્રમમાં નવોદીત ગઝલકારોને તેઓ ઉંડાણપુર્વક માર્ગદર્શન આપી નવી પેઢી તૈયાર કરી રહ્યા છે.

--મનસુખ નારીયા અને સુનીલ શાહ

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી મીત્ર શ્રી. મનસુખ નારીયા (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક મીત્ર સુનીલ શાહ : sunras2226@yahoo.co.inનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..

13મી જાન્યુઆરી 2006ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 8,05,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફ્ત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે http://www.gujaratilexicon.com ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના 8,300 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર…અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના નવા અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

● મધુરેણ સમાપયેત્ ●




બૈરી રૂપાળી છે
ધણી વ્હેમીલો છે
સીટી કુકરની વાગે છે
શંકા સામેવાળા પર જાય છે !!!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 148 – –April 6, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in

◆◆◆●◆◆◆